| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૦૬/૦૭/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૦૬/૦૭/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૩/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૭ |

---

**મહેરબાન ભરૂચના ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૫૪૧/૨૦૨૬**

**આંક : – ૭**

**અરજદાર :– કિરપાલસિંહ જગદીશભાઈ સોલંકી,**
રહે. બારાબોરી, માતાજીના મંદીર પાસે, દહેજ,
તા.વાગરા, જી.ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી બી.એ.વ્યાસ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી એમ.જી.રાઠોડ

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામનાં અરજદાર/આરોપી ભરૂચ સીટી એ.સી.બી.પો.સ્ટે. ગુ.ર.નં.૦૩/૨૦૨૬ થી ભ્ર.નિ.અ.૧૯૮૮ એમેન્ડમેન્ટ ૨૦૧૮ની કલમ ૭(એ), ૧૩(૧)(એ), ૧૩(૨) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. અરજદાર/આરોપી તરફે **આંક–૦૩** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ત.ક.અધિકારીશ્રીએ **આંક–૦૬** થી રજુ કરેલ એફીડેવીટ ધ્યાને લીધુ.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની દલીલ છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઇ પ્રથમ દર્શનીય પુરાવો નથી, અરજદાર/આરોપીનાઓ તેઓના કુટુંબ સાથે રહે છે તથા તમામ વ્યકતીઓના ભરણ પોષણની જવાબદારી તેઓના શીરે છે, અરજદાર/આરોપીએ હાલના ફરીયાદી પાસે કહેવાતા કોઇ નાણાંની માંગણી કરેલ નથી કે સ્વીકારેલ નથી કે તેઓની પાસેથી મળી આવેલ નથી. પરંતુ તેઓના વિરૂધ્ધ હાલની ખોટી હકીકતો વાળી ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. સદરહુ ગુન્હાના કામે સીધી કે આડકતરી રીતે અરજદારની સંડોવણી નથી. અરજઅરજદાર/આરોપી નાસીભાગી જાઇ તેવા ઇસમ નથી તથા તેઓ કાયમી સરનામુ ધરાવે છે. અરજદાર નામ.કોર્ટની દરેક મુદત તારીખે હાજર રહેવાની તથા નામ.કોર્ટની તમામ શરતોનું પાલન કરવાની બાંહેધરી આપે છે. જો સ્પેકટ્રોગાફ્રી માટે આરોપીની હાજરીની જરૂર હોય તો આરોપી તપાસના કામે હાજર રહેશે. જેથી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. અરજદાર તરફે પોતાના સમર્થનમાં નીચે મુજબના ચુકાદો રજુ કરેલ છે.

(૩.૧) **પંકિલ સુનીલ મોહન્તા વિરૂધ્ધ ગુજરાત રાજય**

ક્રિમી.પરચુરણ અરજી (ફોર સકશેશીવ બેલ–આફટર ચાર્ઝશીટ) નં.૮૭૬/૨૦૨૪ તા.૦૫/૦૨/૨૦૨૪ (નામ.ગુજરાત હાઇ કોર્ટ) સદર ચુકાદો ક્રિ.પ્રો.કોડ ૧૯૭૩ની કલમ ૪૩૯, ભારતીય દંડ સહીતા ૧૮૬૦ ની કલમ ૩૬૫, ૩૪૨, ૩૮૯, ૩૮૪, ૧૨૦(બી) સાથે વાંચતા કલમ ૧૧૪

તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમ ૧૯૮૮ ની કલમ ૭, ૮, ૧૨, ૧૩, ૧૩(૨) ઉપર છે. સદર ચુકાદામાં કેસ દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધારીત હતો અને તપાસ દરમ્યાન તમામ દસ્તાવેજો આઇ.ઓ. ધ્વારા કબજે કરવામાં આવેલા જેથી પુરાવા સાથે ચેડા કરવાની સંભાવના ન હતી અને લાંબા સમયથી આરોપી જેલમાં હોય આરોપીના રેગ્યુલર જામીન મંજુર કરવાનો હુકમ કરેલો.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૬** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઇઓને ધ્યાને લેતા સજાને પાત્ર ગંભીર પ્રકારનો ગુનો આચરેલો છે. અરજદાર/આરોપીએ પોતાની લાંચીયાવૃત્તી દાખવી પોતાની લાંચ લેવાની માનસ્કિતા છતી કરેલ છે. અરજદાર/આરોપી ભરૂચ જીલ્લામાં પોલીસ વિભાગમાં ફરજ બજાવતા હોય અને ફરીયાદીશ્રી એચ.આર. મેનેજર તરીકે ફરજ બજાવતા હોય જેથી તેઓ અવાર નવાર ભરૂચ જીલ્લા ખાતે કંપનીના કામ અર્થે આવતા હોય જેથી હાલના અરજદાર/આરોપી ફરીયાદીશ્રીને એનકેન પ્રકારે હેરાન પરેશાન કરી શકે તેમ હોય, અરજદાર/આરોપી રાજય સેવક હોય જેથી તેઓને જામીન ઉપર છોડવામાં આવે તો તેઓ સાહેદો/ફરીયાદીને ફોડી નાંખે કે, ડરાવે ધમકાવે તેવી શકયતા રહેલી છે. તેમજ વિદેશમાં ભાગી જાય કે, ટ્રાયલ વખતે હાજર નહી રહે તેવી શકયતાને નકારી શકાય તેમ ન હોય. જેથી અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઇ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, અરજદાર/આરોપી તેઓ સરકારી કર્મચારી હોય તેઓ કયાંય નાસી ભાગી જાય તેમ જણાતુ નથી. હાલના કેસની તપાસ પુરી થઇ ગઇ છે અને નામ.અદાલતમાં ચાર્જશીટ થઇ ગયેલ છે. કેસને ચાલતા લાંબો સમય લાગે તેમ જણાય આવે છે. અરજદાર તરફે રજુ થયેલ

ઉપરોકત ચુકાદાની હકીકત ધ્યાને લેતાં હાલના કામે આરોપી સામે તપાસ પુરી થઇ ગયેલ હોય સરકારી કર્મચારી હોય કયાંય નાસી ભાગી જાય તેમ જણાતું નથી. તેમજ નામ.સુપ્રીમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂધ્ધ સીબીઆઇ ૨૦૧૨ (૧) જી.એલ.એચ.૯૩(એસ.સી) ના ચુકાદાની હકિકત ધ્યાને લીધી. વધુમાં ૨૦૦૯(૧) જી.એલ.આર.૭૩૪ એન.વી.ચૌહાણ વિરૂધ્ધ રાજય ના ચુકાદામાં પ્રસ્થાપીત કર્યા મુજબ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પુરાવાનું મુલ્યાકન અને વિગતવાર મેરીટની ચર્ચા કરવી જોઇએ નહી. જેથી ઉપરોકત તમામ રજુઆત તથા સંજોગો ધ્યાને લેતા આરોપીની જામીન અરજી શરતોને આધીન મંજુર કરવા ન્યાયોચીત જણાય આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીના રૂા.૭૫,૦૦૦/-(અંકે પંચોતેર હજાર પુરા) ના જાતજામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરેથી જામીન પર નીચેની શરતોને આધીન મુકત કરવામાં આવે છે.

**:: શરતો ::**

૧. અરજદાર/આરોપીએ ફરિયાદી કે સાહેદોને કોઈપણ રીતે ધાક-ધમકી આપવી નહીં તેમજ કોઈપણ રીતે લલચાવવા, ફોસલાવવા, ફોડવા પ્રયત્ન કરશે નહીં કે પુરાવા સાથે ચેડા કરવા નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના કાયમી અને હંગામી રહેઠાણના અને ધંધાના સરનામા તેમજ મોબાઇલ ફોન નંબર ટ્રાયલ કોર્ટ સમક્ષ તેમજ તપાસ કરનાર અમલદાર સમક્ષ જાહેર કરવા અને તે સરનામા તેમજ મોબાઇલ ફોન નંબર ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર બદલવા નહિ.

૩. અરજદાર/આરોપીએ પોતાના ફોટા વાળુ ઓળખપત્રની નકલ જામીન મુકત થયેથી દિન – ૦૭ માં ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન રજુ કરતી વખતે અથવા જામીન ઉપર મુકત થયા બાદ દિવસ–૦૭ માં ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામુ રજુ કરવું.

૫. અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસ પુર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહિ.

૬. અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર જયારે અને જ્યાં બોલાવે ત્યાં અને ત્યારે હાજર રહેવું અને તપાસના કામે સહકાર આપવો.

(૩) અરજદારે ઉપરોકત શરતોનું ચુસ્તપણે પાલન કરવું અને તેમાં કસુર થયેથી અરજદારના જામીન ખત રદ થવાને પાત્ર બનશે.

(૪) આરોપીને સદર હુકમની જેલરશ્રી મારફત જાણ કરવી.

આ હુકમ આજ **તા. ૧૩ મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(વી.બી.રાજપુત)**
ચોથા એડીશનલ સેસન્સ જજ
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૬૯૨)**

એમ.પી.ભરૂચા